www.prepp.in

Prepp
Your Personal Exams Guide

| ફુલ ગુણ | 150 |
|---|---|

# TET - II

Q. Booklet No.
94102091
SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપર્વાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સુચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલક્યુલેટર કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સુચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર (OMRSHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ-150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C, અને D પૈકી કોઇ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવમાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, OMR SHEET માં વિકલ્પ Ⓑ નું વર્તુળ કાળુ (encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. (NO NEGATIVE MARKING SYSTEM) |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## વિભાગ-૧

| | |
|---|---|
| 1. | "માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે કેળવણી" એવું કહેનાર કોણ હતા ?<br>(A) ગાંધીજી (C) સ્વામી વિવેકાનંદ<br>(B) રવિન્દ્રનાથ ટાગોર (D) મહર્ષિ અરવિંદ |
| 2. | અભિક્રમિત અધ્યયન સાથે કોનું નામ સંકળાયેલું છે ?<br>(A) સ્કિનર (B) થોર્નડાઈક (C) જ્હોન ડ્યૂઈ (D) કોહલર |
| 3. | આંતરસૂઝ દ્વારા થતું અધ્યયન કયા મનોવૈજ્ઞાનિકે સમજાવ્યું ?<br>(A) સ્કિનર (B) કોહલર (C) રૂસો (D) રૂડોલ્ફ |
| 4. | વિજ્ઞાન શિક્ષક પહેલા સમગ્ર શરીર, તેના વિવિધ તંત્રો, શરીરનું કાર્ય વગેરે રજૂ કરી ત્યાર પછી પાચનતંત્ર શીખવે છે. આ શિક્ષક શિક્ષણના કયા સૂત્રને અનુસરે છે ?<br>(A) સરળથી કઠિન તરફ જવું (C) પ્રત્યક્ષથી પરોક્ષ તરફ જવું<br>(B) મૂર્ત તરફથી અમૂર્ત તરફ જવું (D) સમગ્રથી અંશ તરફ જવું |
| 5. | કેળવણીને દ્વિધ્રુવી પ્રક્રિયા તરીકે કોણે સ્વીકારી ?<br>(A) જ્હોન ડ્યૂઈ (B) રોસ (C) એડમ્સ (D) સ્મિથ |
| 6. | "તેજસ્વી બાળકોને શીખવવામાં અને શિક્ષણમાં નબળાં બાળકોને શીખવવા ભિન્ન-ભિન્ન પદ્ધતિઓનો આશ્રય લેવો જોઈએ." અહીં કયો સિદ્ધાંત સમાયેલો છે ?<br>(A) પ્રેરણાનો (C) વ્યક્તિગત તફાવતો<br>(B) વિષયોના અનુબંધનો (D) જીવન સાથે અનુબંધનો |
| 7. | અભિક્રમિત અધ્યયનની ખાસ વિશેષતા કઈ છે ?<br>(A) અધ્યેતા પોતાની ગતિથી શીખે (C) અધ્યેતાઓ સરેરાશ ઝડપે શીખે<br>(B) બધા અધ્યેતા સરખી ઝડપે શીખે (D) બધા અધ્યેતા ઝડપથી શીખે |
| 8. | નીચે પૈકી કયું પરીબળ ધ્યાનના આંતરીક પરીબળ પૈકીનું નથી ?<br>(A) રસ કે અભિરૂચિ (C) ઉદ્દીપકનું પુનરાવર્તન<br>(B) મનોવલણ (D) પૂર્વાનુભવ |
| 9. | વિદ્યાર્થીઓના હસ્તાક્ષરનાં મૂલ્યાંકનમાં કયું સાધન (પદ્ધતિ) વધારે ઉપયોગી બને ?<br>(A) ચેકલિસ્ટ (B) અવલોકન (C) ક્રમમાપદંડ (D) સ્વમૂલ્યાંકન |
| 10. | "પાઠનો આરંભ મૂર્ત પરથી થવો જોઇએ અને સમાપ્તી અમૂર્તમાં થવી જોઈએ." આ વિધાન કોનું છે ?<br>(A) રૂસો (B) એલ્વિન ટોફલર (C) કોહલર (D) હર્બટ સ્પેન્સર |
| 11. | વિદ્યાર્થીઓમાં સહયોગની ભાવનાનો વિકાસ કેવી રીતે કરશો ?<br>(A) સહકારની ભાવનાના મહત્વ પર ચર્ચા કરશો.<br>(B) વિદ્યાર્થીઓને સર્જનાત્મક કાર્ય કરવાની જવાબદારી સોંપીને<br>(C) વિદ્યાર્થીઓને સમૂહકાર્યનો અવસર આપશો.<br>(D) પારિવારિક વાતાવરણમાં સહયોગની ભાવના વિકસિત કરવાની જવાબદારી વાલીઓને સોંપશો. |
| 12. | વારસો અને વાતાવરણ બાળકના કયા વિકાસને પ્રભાવિત કરે છે ?<br>(A) સામાજિક (B) સંજ્ઞાત્મક (C) સંવેગાત્મક (D) આ ત્રણેય |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

13. વિદ્યાર્થીઓનું સાચું મૂલ્યાંકન નીચેનામાંથી કઈ પદ્ધતિ દ્વારા થઈ શકે ?
(A) વર્ષના અંતે મૂલ્યાંકન (B) નિર્માણાત્મક મૂલ્યાંકન (C) વર્ષમાં બે વાર મૂલ્યાંકન (D) સતત મૂલ્યાંકન

14. બાળકોની અધ્યયન નિષ્પત્તિમાં સુધાર લાવી શકાય જો મા-બાપને.........
(A) પોતાના બાળકોના અભ્યાસકાર્યના નિરીક્ષણ માટે સમજાવી શકાય.
(B) વારંવાર શિક્ષક સાથે અભ્યાસ બાબતે ચર્ચા કરવા સમજાવી શકાય.
(C) શિક્ષણ બાબતે ચિંતા ન કરવા સમજાવી શકાય.
(D) પોતાના બાળક માટે વધારાના ટ્યૂશનની વ્યવસ્થા કરવા સમજાવી શકાય.

15. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કઈ યોજના અમલમાં મૂકાઈ ?
(A) ઉમ્મીદ યોજના (C) વિદ્યા સહાયક યોજના
(B) વિદ્યાલક્ષ્મી બૉન્ડ યોજના (D) વિદ્યાદીપ યોજના

16. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ અનુસાર બાળકોનું વર્ષ દરમિયાન મૂલ્યાંકન (ગુણાંકન) કઈ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે ?
(A) ઔપચારિક મૂલ્યાંકન (C) રચનાત્મક મૂલ્યાંકન
(B) અનૌપચારિક મૂલ્યાંકન (D) આ ત્રણેય

17. કઈ અવસ્થાને 'જીવનની વસંત' તરીકે ઓળખવામાં આવે છે ?
(A) તરુણાવસ્થા (B) બાલ્યાવસ્થા (C) શિશુ અવસ્થા (D) પ્રૌઢાવસ્થા

18. ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા કયું સામયિક પ્રકાશિત થાય છે ?
(A) બાળવિશ્વ (B) બાળવિનોદ (C) બાલસૃષ્ટિ (D) જીવનશિક્ષણ

19. પ્રાથમિક શિક્ષણમાં કયા ધોરણમાં લેખિત પરીક્ષા લેવામાં આવે છે ?
(A) ધોરણ 1 થી 5 (B) ધોરણ 1 થી 8 (C) ધોરણ 3 થી 8 (D) ધોરણ 5 થી 8

20. સંકલિત શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય શો છે ?
(A) વિકલાંગ બાળકોનો સર્વાંગી વિકાસ થાય (C) આદાન-પ્રદાનની તકો વધે
(B) સામાજિક સંકલન થાય (D) ઉપરોક્ત તમામ

21. સર્વ શિક્ષા અભિયાન મિશનનો મુખ્ય હેતુ શું છે ?
(A) 6 થી 14 વર્ષની વયજૂથના તમામ બાળકોનું નામાંકન થાય.
(B) શાળામાં પ્રવેશ મેળવેલ દરેક બાળકો ધોરણ 1 થી 8 સુધીનું ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે.
(C) શાળા બહારના બાળકો વૈકલ્પિક શિક્ષણના માધ્યમ દ્વારા સામાન્ય શાળામાં દાખલ થાય.
(D) ઉપરોક્ત તમામ

22. પ્રાથમિક શાળામાં બાળકોના મૂલ્યાંકન માટે કઈ પદ્ધતિ અપનાવવામાં આવી છે ?
(A) લેખિત પરીક્ષા આધારિત (C) મૌખિક અને પ્રાયોગિક મૂલ્યાંકન
(B) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (D) વિદ્યાર્થી કેન્દ્રિત સ્વઅધ્યયન મૂલ્યાંકન

23. મેથેટિક્સ પ્રકારના અભિક્રમના પ્રણેતા કોણ હતા ?
(A) ટી. એફ. ગિલ્બર્ટ (B) પેસ્ટોલોજી (C) એડગર ગેઈલ (D) થોર્નડાઈન

24. પ્રેરણાનો સહજવૃત્તિનાં સિદ્ધાંતનાં પ્રણેતા કોણ છે ?
(A) ફ્રોઇડ (B) સ્કિનર (C) મેકડૂગલ (D) વોટ્સન

Prepp
Your Personal Exams Guide

25. એડગર ડેલનો શિક્ષણમાં ફાળો એટલે નીચે પૈકી........
(A) અનુભવ શંકુ (B) અનુભવ ચક્ર (C) અનુભવ શિક્ષણવક્ર (D) અનુભવ વર્તુળ

26. ' સોદરી વળવી ' રૂઢિપ્રયોગનો અર્થ શો થાય ?
(A) સંતોષ થવો (B) કંટાળો આવવો (C) હેરાન થવું (D) ગુસ્સો આવવો

27. ' જુમાએ શોખ ખાતર એક પાડો પાળ્યો ' વાક્યને કર્મણિ પ્રયોગમાં ફેરવતાં કયું વાક્ય બનશે ?
(A) જુમો શોખ ખાતર એક પાડો પાળશે
(B) જુમાથી શોખ ખાતર એક પાડો પળાયો
(C) જુમો શોખ ખાતર એક પાડો પળાવશે
(D) જુમાએ શોખ ખાતર એક પાડો પળાવ્યો

28. નીચેનામાંથી કયું લક્ષણ ' મુક્તક ' કાવ્ય સ્વરૂપનું નથી ?
(A) મુક્તક સંક્ષિપ્ત હોય છે.
(B) દૃષ્ટાંત, બોધ, નીતિ, ચિંતન વગેરે વિષય તરીકે આવે છે.
(C) વિદેશી કાવ્ય સ્વરૂપ છે.
(D) ભાષા સરળ, પ્રાસયુક્ત અને ચોટદાર છે.

29. પદ, પદો, પદસમૂહો, વાકયો કે વાક્યખંડોને જોડવાનું કામ કરતાં પદોને શું કહે છે ?
(A) સંજ્ઞા (B) સંયોજક (C) અનુગ (D) સર્વનામ

30. વાક્યનો અર્થ પૂરો કરવા માટે જે ક્રિયાપદને કર્મ લગાડવાની જરૂર પડતી નથી તેને શું કહે છે ?
(A) દ્વિકર્મ ક્રિયાપદ (B) ગ્રાહક કર્મ (C) સકર્મક ક્રિયાપદ (D) અકર્મક ક્રિયાપદ

31. જે લોકો કચ્છમાં રહ્યા, એ સૌ કચ્છ પ્રદેશના <u>પ્રેમમાં</u> પડી ગયાં. અહીં રેખાંકિત શબ્દ કયા પ્રકારનું નામ સૂચવે છે ?
(A) દ્રવ્યવાચક (B) સમૂહવાચક (C) ક્રિયાવાચક (D) ભાવવાચક

32. " ઢોલનો ઢમઢમ અવાજ સંભળાયો ને બાળકો સૌ હાજર " વાક્યમાંથી રવાનુકારી શબ્દ પ્રયોગ શોધો.
(A) ઢોલ (B) ઢમઢમ (C) અવાજ (D) હાજર

33. હું ખોટો નથી એ કેમ સિદ્ધ કરું ? વાક્યમાં પ્રશ્નવાચક વિશેષણ ઓળખાવો.
(A) ખોટો નથી (B) કેમ (C) સિદ્ધ (D) કરું

34. સુંદર <u>અક્ષરો</u> હાથનું ઘરેણું છે. – આ વાક્યમાં રેખાંકિત શબ્દ શું સૂચવે છે ?
(A) ક્રિયાપદ (B) વિશેષણ (C) વિશેષ્ય (D) ક્રિયાવિશેષણ

35. ' પ્રાગડ ફુટવું ' એટલે શું ?
(A) મધ્યાહ્ન થવો (B) પરોઢિયું થવું (C) સંધ્યા ખીલવી (D) મધરાતનો સમય

36. " જાહેર મિલકતની તોડફોડ કરવી તે રાષ્ટ્રીય સંપત્તિનું નુકશાન કરવા બરાબર છે. " – દ્વિરુક્ત શબ્દપ્રયોગ શોધો.
(A) મિલકત (B) તોડફોડ (C) બરાબર (D) નુકસાન

37. ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ સોનેટ કાવ્યપ્રકારની રચના કયા કવિએ કરી હતી ?
(A) લાભશંકર ઠાકર (B) ઉશનસ (C) બાલમુકુન્દ દવે (D) બળવંતરાય ઠાકોર

38. Give one word for " to go on some one's land without permission. "
(A) to trespass (B) to prosecute (C) to pass off (D) to transgress

39. The police__________investigating the fraud, but haven't arrested anyone yet.
(A) is (B) was (C) are (D) were





Prepp
Your Personal Exams Guide

| | |
|---|---|
| 40. | My mother______coffee before I woke up.<br>(A) was making (B) makes (C) made (D) had made |
| 41. | Choose the antonym of the word ' please '<br>(A) displease (B) unplease (C) nonplease (D) not please |
| 42. | Choose the correctly spelled word.<br>(A) inconvinience (B) inconvenience (C) inconviniance (D) inconveniance |
| 43. | Last night I went out with some friends of_______.<br>(A) me (B) my (C) myself (D) mine |
| 44. | My uncle had come from Surat_____the new motorbike.<br>(A) to ride (B) will be ride (C) riding (D) was riding |
| 45. | Navaratri, ________festival is celebrated to worship Goddess Durga.<br>(A) a nine-day (B) a nine-days (C) the nine-days (D) nine-days |
| 46. | ______ crossing the road, I saw an accident.<br>(A) While (B) When (C) After (D) As soon as |
| 47. | The National Book Fair______in the newspaper, but I didn't notice.<br>(A) is advertised (B) advertised (C) was advertised (D) advertisement |
| 48. | After______her, we left for our home.<br>(A) seen (B) see (C) sawing (D) seeing |
| 49. | As soon as the sun came out, I______down on top of a high rock to dry myself.<br>(A) lay (B) lie (C) laid (D) lain |
| 50. | Vishwanathan Anand was born _______ 11th December, 1969<br>(A) at (B) in (C) on (D) with |
| 51. | નીચેનામાંથી કયા ગ્રહનું ગુરૂત્વાકર્ષણબળ સૌથી વધુ છે ?<br>(A) બુધ (B) ગુરૂ (C) શુક્ર (D) શનિ |
| 52. | નીચેનામાંથી કયું અન્ય ત્રણથી જુદું પડે છે ?<br>(A) ECA (B) MKI (C) XVT (D) RQP |
| 53. | એક વર્ગમાં રમેશ કરતાં કૌશિક વધારે હોંશિયાર છે. જયેશ કરતાં હસમુખ ભણવામાં થોડો નબળો છે. જયેશથી કૌશિક હોંશિયાર છે. તો આમાં સૌથી વધારે હોંશિયાર કોણ ?<br>(A) રમેશ (B) કૌશિક (C) જયેશ (D) હસમુખ |
| 54. | યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. 25, 40, ........., 121, 169<br>(A) 64 (B) 72 (C) 81 (D) 73 |
| 55. | SCE મૂલ્યાંકન પદ્ધતિ અંતર્ગત પ્રત્યક્ષ ગ્રેડિંગ કયા ધોરણમાં અનુસરાય છે ?<br>(A) ધો.1 તથા ધો.2 (B) ધો.3 તથા ધો.5 (C) ધો.6 તથા ધો.8 (D) ધો.1 તથા ધો.8 |

Prepp
Your Personal Exams Guide

56. ભારત સરકાર દ્વારા શરૂ થયેલ સાક્ષરતા કાર્યક્રમોને તેના શરૂ થયાના ક્રમમાં ગોઠવો.
1. અનુસાક્ષરતા કાર્યક્રમ, 2. પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ, 3. સંપૂર્ણ સાક્ષરતા અભિયાન, 4. સાક્ષર ભારત
(A) 2-3-1-4 (B) 2-1-3-4 (C) 3-1-2-4 (D) 3-2-1-4

57. પ્રજ્ઞા અભિગમથી થતા શિક્ષણ કાર્યમાં ‘ છાબડી ’ એ શાની ઓળખ છે ?
(A) છાબડી અધ્યયન જૂથમાં બેસવા માટેની ઓળખ છે.
(B) અભ્યાસ કાર્ડ રાખવા માટેની ટ્રેની ઓળખ છે.
(C) અર્લીરીડર રાખવા માટેની જગ્યાની ઓળખ છે.
(D) લેડર રાખવા માટેની જગ્યાની ઓળખ છે.

58.  અહીં ચોથી આકૃતિ કઇ આવશે ?
(A) 
(B) 
(C) 
(D) 

59. જો + એટલે x ; − એટલે ÷ ; x એટલે − અને ÷ એટલે + હોય તો 20 ÷ 40 − 8 x 5 + 3 =.........
(A) 10 (B) 18 (C) 20 (D) 60

60. સમસંબંધને આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો. ક્રિકેટ : ગુગલી :: ખોખો :: ?
(A) ડુક (B) હુક (C) બોનસ (D) ડ્યુસ

61. કોઈપણ સ્થળના સાચા અક્ષાંશ અને રેખાંશ જાણવા માટે શેનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) ટેલિસ્કોપ (B) ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (C) અલ્ટીમીટર (D) સ્પેક્ટ્રોફોટોમીટર

62. નીચેનામાંથી ઉડી શકતું હોય તેવું સસ્તન પ્રાણી કયું છે ?
(A) છોરાડ (B) સારસ (C) ડુગોંગ (D) વાગોળ (ચામાચીડિયું)

63. શાળા શિક્ષણના અભ્યાસક્રમનું માળખું NCF તરીકે ઓળખાય છે. તો તાલીમી કોલેજના અભ્યાસક્રમનું માળખું કયા નામે ઓળખાય છે ?
(A) NCFTE (B) NCTE (C) NCERT (D) NCF B.Ed.

64. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ફાઈનલ ડ્રાફ્ટ તૈયાર કરવા માટે તાજેતરમાં રચાયેલ સમિતિના અધ્યક્ષ કોણ છે ?
(A) કે. કસ્તુરી રંગન (B) સુધીર માંકડ (C) પ્રો.મંજૂલ ભાર્ગવ (D) કે.જે. આલ્ફોન્સે

65. સૂર્યમુખીના છોડમાં પ્રકાશને લીધે થતી હલન - ચલનને શું કહેવાય છે ?
(A) ફોટોનેસ્ટી (B) થર્મોનેસ્ટી (C) થિગ્મોનેસ્ટી (D) ટ્રોપિઝમ

66. નીચેનામાંથી કયો દેશ યુ.એન.ની સલામતી સમિતિમાં કાયમી સભ્ય નથી ?
(A) જાપાન (B) ચીન (C) બ્રિટન (D) રશિયા

67. દરેક બાળકને પોતાની શીખવાની ગતિ અને ક્ષમતા મુજબ ભણવાની તક શામાં મળે છે ?
(A) પ્રજ્ઞા અભિગમમાં (B) એડેપ્ટ્સ કાર્યક્રમમાં (C) બાલા પ્રોજેક્ટમાં (D) સ્માર્ટ સ્કૂલ પ્રોજેક્ટમાં

Prepp
Your Personal Exams Guide

68. Topology એ....
(A) હવામાનમાં થતા ફેરફારનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.
(B) પ્રાણીના વર્તન અંગેનું વિજ્ઞાન છે.
(C) જમીનના ખાડા ટેકરાનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.
(D) ધરતીકંપ સાથે સંકળાયેલી ઘટનાઓનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.

69. મિશન મંગલમ્ નો હેતુ શું છે ?
(A) ગ્રામ્ય વિસ્તારમાં શહેરી સુવિધા પૂરી પાડવી.
(B) શહેરી વિસ્તારમાં રહેતા લોકોને નિયમિત પાણી પહોંચાડવું.
(C) શહેરોને હરિયાળાં બનાવવા.
(D) ગરીબ મહિલાઓ અને પરિવારનું જીવનધોરણ ઊંચું લાવવું.

70. SEQI નું પૂરૂ નામ શું છે ?
(A) State Education Quality Index
(B) State Enhancement Quality Index
(C) School Education Quality Index
(D) School Enhancement Quality Index

71. NAS નું આયોજન કોણ કરે છે ?
(A) NUEPA (B) NCERT (C) NCTE (D) NCPCR

72. વર્લ્ડ હેરીટેઝ સીટી તરીકે ઘોષિત થયેલ અમદાવાદ શહેરમાં નેશનલ મોન્યૂમેન્ટસ કેટલાં છે ?
(A) 50 (B) 103 (C) 26 (D) 54

73. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત વાપરવામાં આવતું પત્રક-A કયું છે ?
(A) રચનાત્મક મૂલ્યાંકન પત્રક ધોરણ 3 થી 8
(B) વ્યક્તિત્વ વિકાસ પત્રક ધોરણ 3 થી 8
(C) સર્વગ્રાહી મૂલ્યાંકન પત્રક ધોરણ 1 અને 2
(D) રચનાત્મક મૂલ્યાંકન પત્રક ધોરણ 1 અને 2

74. જી.એસ.ટી. (GST) લોગો અંતર્ગત ખાલી જગ્યા પૂર્ણ કરો. : એક રાષ્ટ્ર, એક કર અને એક________
(A) બઝાર (B) ધોરણ (C) વિકાસ (D) દ્વાર

75. ગુજરાત સરકારે તાજેતરમાં જ પીપીપી ધોરણે તૈયાર કરેલ અમદાવાદ ખાતેનું આધુનિક સ્પોર્ટસ અને એન્ટરટેઈમેન્ટ કોમ્પ્લેક્ષનું શું નામ છે ?
(A) ટ્રાન્સ્ટેડિયા (B) ટ્રાન્સ સ્ટેડિયમ (C) કાંકરીયા સ્ટેડિયમ (D) સરદાર સ્ટેડિયમ

www.prepp.in

Prepp Your Personal Exams Guide

## વિભાગ-2 (Social Science)

76. કયા રેખાંશવૃત્તને 'આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા' કહે છે ?
(A) 0° (B) 90° (C) 180° (D) 360°

77. આમુખમાં 'સમાજવાદી', 'બિનસાંપ્રદાયિક', 'એકતા' અને 'રાષ્ટ્રની અખંડિતતા' જેવા શબ્દો ઈ.સ. .......... માં ઉમેરવામાં આવ્યા.
(A) 1961 (B) 1996 (C) 1976 (D) 1988

78. ઉત્તર ધ્રુવ પર સૌ પ્રથમ પગ મૂકનાર ભારતીય નારી કોણ હતી ?
(A) પ્રિતી સેનગુપ્તા (B) બચેન્દ્રી પાલ (C) અરૂનિમા સિન્હા (D) પ્રેમલતા અગ્રવાલ

79. ટેક્સાસ રાજ્યમાં ફૂંકાતા અતિશય ગતિ વેગવાળા ચક્રવાતોને કયા નામે ઓળખાવામાં આવે છે ?
(A) ટેરારોક્સા (B) ટોર્નેડો (C) હરિકેન (D) ટાઈફૂન

80. કુત્તુબમિનારના નિર્માણની શરૂઆત ........... એ કરેલી અને તેનો વિસ્તાર .............. એ કર્યો હતો.
(A) અકબર, જહાંગીર (C) શાહજહાં, કુતુબુદ્દીન ઐબક
(B) જહાંગીર, શાહજહાં (D) કુતુબુદ્દીન ઐબક, ઇલ્તુત્મિશ

81. પ્રથમ વિશ્વયુદ્ધનો સમયગાળો ............. હતો.
(A) 1914 થી 1918 (B) 1814 થી 1818 (C) 1939 થી 1945 (D) 1909 થી 1914

82. નીચે પૈકી કયું સરોવર મીઠા પાણીનું સરોવર નથી ?
(A) બૈકલ (B) ચિલ્કા (C) વુલર (D) તોનલેસેપ

83. 1857 ના સંગ્રામને વિપ્લવને બદલે પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ તરીકે ઓળખાવનાર કોણ હતા ?
(A) લાલા લજપતરાય (B) વીર સાવરકર (C) સુભાષચંદ્ર બોઝ (D) ભગતસિંહ

84. વિભાગ-અ માં ગુજરાતના પ્રાદેશિક પ્રદેશ અને વિભાગ-બ માં વિસ્તાર આપેલા છે. યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

| વિભાગ-અ | વિભાગ-બ |
|---|---|
| 1. વાગડ પ્રદેશ | (a) કીમ અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ |
| 2. ચરોતર | (b) ભચાઉ અને રાપર તાલુકાની આસપાસનો પ્રદેશ |
| 3. કાનમ | (c) ચોટીલા-થાન અને ઘેલા સોમનાથની આસપાસનો પ્રદેશ |
| 4. પાંચાળ | (d) ઢાઢર અને વાત્રક નદી વચ્ચેનો પ્રદેશ |

(A) 1-a, 2-c, 3-a, 4-d (C) 1-d, 2-a, 3-6, 4-c
(B) 1-c, 2-6, 3-d, 4-c (D) 1-b, 2-d, 3-a, 4-c

85. નીચેનાં પૈકી કયું રાજ્ય વેલેસ્લીની સહાયકારી યોજનાનો પ્રથમ શિકાર બન્યું ?
(A) અયોધ્યા (B) મૈસુર (C) હૈદરાબાદ (D) કર્ણાટક

86. બંધારણ સભાએ બંધારણને ક્યારે સંમતિ આપી ?
(A) 26 નવેમ્બર,1950 (B) 26 નવેમ્બર,1949 (C) 26 જાન્યુઆરી,1949 (D) 26 જાન્યુઆરી,1950

87. સંથાગાર એટલે શું ?
(A) અનાજનો સંગ્રહ કરવાનું સાધન (C) અભિલેખો સાચવવાની જગ્યા
(B) શસ્ત્રો રાખવાની જગ્યા (D) ગણ-રાજ્ય સંઘની બેઠકનું સ્થળ

88. નીચેનામાંથી કોણ મૌર્ય વંશ સાથે સંબંધિત છે ?
(A) સમુદ્રગુપ્ત (C) બિંબિસાર
(B) ચંદ્રગુપ્ત – બીજો વિક્રમાદિત્ય (D) બિન્દુસાર

www.prepp.in

prepp
Your Personal Exams Guide

89. નીચેનામાંથી હર્ષવર્ધન રચિત નાટક કયું છે ?
(A) નિજાનંદ (B) હર્ષચરિત (C) કાદંબરી (D) રત્નાવલી

90. $0^{\circ}$ રેખાંશવૃત્ત કયા દેશમાંથી પસાર થાય છે ?
(A) રશિયા (B) અફઘાનિસ્તાન (C) ઈંગ્લેન્ડ (D) ન્યુઝીલેન્ડ

91. હિતોપદેશની રચના કયા વાર્તાસંગ્રહને આધારે કરવામાં આવી હતી ?
(A) રાજતરંગિણી (B) પ્રબોધ ચિંતામણી (C) નારાયણ ચરિત્ર (D) પંચતંત્ર

92. નીચેનામાંથી કયા પાકને તૈયાર થતા સૌથી વધારે સમય લાગે છે ?
(A) શણ (B) કપાસ (C) મગફળી (D) મકાઈ

93. વનસ્પતિ ઘીની ખરીદી વખતે તેના પાઉચ પર કઈ નિશાનીની ખાતરી કરશો ?
(A) ISI નું ચિહ્ન (B) વુલમાર્ક (C) એગમાર્ક (D) હોલમાર્ક

94. કુચીપુડી નૃત્ય કયા રાજ્ય સાથે જોડાયેલ છે ?
(A) આંધ્રપદેશ (B) કેરલ (C) તામિલનાડુ (D) ઓરિસ્સા

95. કર્કવૃત્ત કે મકરવૃત્ત પસાર ન થતું હોય તેવો ખંડ કયો છે ?
(A) ઓસ્ટ્રેલિયા (B) ઉત્તર અમેરીકા (C) યુરોપ (D) એશિયા

96. ગુજરાતમાં પંચાયતી રાજની શરૂઆત કયા વર્ષથી થઈ હતી ?
(A) ઈ.સ. 1961 (B) ઈ.સ. 1962 (C) ઈ.સ. 1963 (D) ઈ.સ. 1964

97. વિક્રમ સંવતની શરૂઆત કયા શાસકના સમયમાં થઈ હતી ?
(A) ચંદ્રગુપ્ત (B) શ્રીગુપ્ત (C) સમુદ્રગુપ્ત (D) ચંદ્રગુપ્ત – બીજો

98. ગુજરાતમાં વડી અદાલતની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?
(A) ઈ.સ. 1960 (B) ઈ.સ. 1961 (C) ઈ.સ. 1962 (D) ઈ.સ. 1963

99. ચલણી નોટો બનાવવાનો કાગળ ક્યાં બને છે ?
(A) નેપાનગર (B) પિંપરી (C) હોશંગાબાદ (D) બરેલી

100. કાંગડી ગુરૂકુલની સ્થાપના કોણે કરી હતી ?
(A) દયાનંદ સરસ્વતી (B) લાલા હંસરાજ (C) વિવેકાનંદ (D) સ્વામી શ્રદ્ધાનંદ

101. ભારતના ભવ્ય વારસાને ઉજાગર કરનાર પુરાતત્વવિદ કોણ છે ?
(A) વિલસન (B) એલેક્ઝાંડર કનિંગહામ (C) ફર્ગ્યુસન (D) મેક્સમુલર

102. " ભારતના ચાર ધામમાંથી એક છું, છ માળનું શિખર ધરાવુ છું, મારો ઘુમ્મટ સાઇઠ સ્તંભો પર ઉભો છે. " મને ઓળખો.
(A) મોઢેરાનું સૂર્યમંદિર (B) સોમનાથ મંદિર (C) દ્વારકાધીશ મંદિર (D) નાગેશ્વર મંદિર

103. નીચેનામાંથી કયું સ્થાપત્ય સિદ્ધરાજ જયસિંહના શાસન દરમિયાન બંધાયેલ નથી ?
(A) મલાવ તળાવ (B) મુનસર તળાવ (C) સહસ્રલિંગ તળાવ (D) રાણીની વાવ

104. આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત ક્યાં આવેલી છે ?
(A) હેગ (B) જીનીવા (C) રોમ (D) પેરીસ

105. નીચેનામાંથી કઈ કૃતિ હર્ષવર્ધને લખી હતી ?
(A) હર્ષચરિત (B) કાદંબરી (C) પ્રિયદર્શિકા (D) નૈષધચરિત

106. ૨૧મી જૂનનું ભૌગોલિક મહત્વ શું છે ?
(A) કર્કવૃત્ત ઉપર સૂર્યના કિરણો ત્રાસા પડે છે.
(B) મકરવૃત્ત ઉપર સૂર્યના કિરણો સીધાં પડે છે.
(C) મકરવૃત્ત ઉપર દિવસ લાંબો હોય છે.
(D) કર્કવૃત્ત ઉપર દિવસ લાંબો હોય છે.

prepp Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

107. ભોજપત્રો બનાવવામાં કયા વૃક્ષની છાલનો ઉપયોગ કરવામાં આવતો હતો ?
(A) તાડ (B) વડ (C) ભૂર્જ (D) પાંડુ

108. સંસ્કૃત ભાષાના કયા મહાકવિ હર્ષવર્ધનના દરબારને શોભાવતા હતા ?
(A) કાલિદાસ (B) ભવભૂતિ (C) ભારવિ (D) બાણભટ્ટ

109. કયા દેશમાં રાત્રીના બાર વાગ્યે પણ સૂર્ય જોવા મળે છે ?
(A) યુ.કે. (B) નોર્વે (C) જાપાન (D) કેનેડા

110. મહમ્મદ ગઝની એ સોમનાથ મંદિર પર ચડાઇ કરી ત્યારે ગુજરાતમાં કયા રાજાનું શાસન હતું ?
(A) મુળરાજ સોલંકી (B) ભીમદેવ સોલંકી (C) વનરાજ ચાવડા (D) સિદ્ધરાજ જયસિંહ

111. મુખ્યમંત્રીના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?
(A) તે રાજ્યના બંધારણીય વડા છે.
(B) તે વિધાનસભાની બેઠકોનું સંચાલન કરે છે.
(C) તે મંત્રીમંડળના વહિવટી વડા છે.
(D) તેની નિમણુંક સ્પીકર કરે છે.

112. તમારું ઘર પૃથ્વીના કયા આવરણ ઉપર બાંધવામાં આવેલું છે ?
(A) જલાવરણ (B) વાતાવરણ (C) મૃદાવરણ (D) જીવાવરણ

113. રાજ્યસભામાં દર બે વર્ષે કેટલા સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે ?
(A) બધા જ સભ્યોની (B) પાંચમાં ભાગના (C) ચોથા ભાગના (D) ત્રીજા ભાગના

114. કાલગુર્લી અને કુલગાર્ડી શું છે ?
(A) કોલસાની ખાણ (B) સોનાની ખાણ (C) સીસાની ખાણ (D) તાંબાની ખાણ

115. મિત્રમેલા નામની સંસ્થા કોણે સ્થાપી હતી ?
(A) ખુદીરામ બોઝ (B) વીર સાવરકર (C) વાસુદેવ બળવંત ફડકે (D) રામપ્રસાદ બિસ્મિલ

116. નીચેનામાંથી કયું કારણ ખેડા સત્યાગ્રહ માટે જવાબદાર છે ?
(A) અતિવૃષ્ટિ છતાં મહેસૂલ ઉઘરાવવાનું
(B) સ્વદેશી ચીજોના બહિષ્કારનું
(C) પોલીસ દમનનું
(D) નેતા અંગેની ધરપકડ

117. સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના પ્રમુખ તરીકે હોદ્દો સંભાળનાર પ્રથમ ભારતીય કોણ હતાં ?
(A) ઈંદીરા ગાંધી (B) સરોજની નાયડુ (C) વિજ્યાલક્ષ્મી પંડિત (D) મેડમ ભીખાઇજી કામા

118. ભારતીય સંઘમાં જોડાવાની સૌપ્રથમ પહેલ કયા રાજાએ કરી ?
(A) ઇન્દોરના હોલ્કર
(B) વડોદરાના ગાયકવાડ
(C) ભોપાલના નવાબ
(D) ભાવનગરના કૃષ્ણકુમારસિંહજી

119. ભારતનો કયો પડોશી દેશ ISLAND OF JEMS (રત્નદીપ) અથવા પૂર્વના મોતી તરીકે ઓળખાય છે ?
(A) શ્રીલંકા (B) નેપાળ (C) મ્યાનમાર (D) બાંગ્લાદેશ

120. સંસદની બેઠકો બોલાવવાની અને સત્ર સમાપ્તિની જાહેરાત કરવાની સત્તા બંધારણીય રીતે કોણ ધરાવે છે ?
(A) વડાપ્રધાન (B) રાષ્ટ્રપતિ (C) ઉપરાષ્ટ્રપતિ (D) સ્પીકર

121. રાજ્યસભામાં કેટલા સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે ?
(A) 11 (B) 12 (C) 13 (D) 14

122. પૃથ્વી પોતાની ધરી પર કઈ દિશામાંથી કઈ દિશા તરફ ફરે છે ?
(A) પૂર્વથી પશ્ચિમ (B) પશ્ચિમથી પૂર્વ (C) ઉત્તરથી દક્ષિણ (D) દક્ષિણથી ઉત્તર

123. ભારતીય બંધારણમાં શિક્ષણનો કઈ યાદીમાં સમાવેશ થાય છે ?
(A) સંઘયાદી (B) સંયુક્તયાદી (C) રાજ્યયાદી (D) આ ત્રણ પૈકી એકપણ નહિં



Prepp Your Personal Exam Guide

www.prepp.in

| | |
|---|---|
| 124. | આઠમીથી બારમી સદીના સમયગાળાને કયા કાળ તરીકે ઓળખવામાં આવે છે ?<br>(A) પૂર્વ મધ્યકાળ (B) મધ્યકાળ (C) ઉત્તર મધ્યકાળ (D) પૂર્વ અર્વાચીનકાળ |
| 125. | નીચેનામાંથી કયો દેશ દક્ષિણ અમેરિકા ખંડનો છે ?<br>(A) જર્મની (B) ફ્રાન્સ (C) કેનેડા (D) બ્રાઝિલ |
| 126. | ભોજપત્રો અને તાડપત્રો પર કઈ લિપિમાં લખાણ વધુ જોવા મળે છે ?<br>(A) સંસ્કૃત (B) પાંડુ (C) દેવનાગરી (D) ઉર્દૂ |
| 127. | કયા સૂર્યમંદિરને રથનો ઘાટ આપી સાત ઘોડા ખેંચતા હોય તેવું સ્વરૂપ આપવામાં આવ્યું છે ?<br>(A) મોઢેરા (B) કોણાર્ક (C) ખજૂરાહો (D) બોરસદ |
| 128. | ભારતનો પ્રમાણસમય દેશના કયા શહેર પરથી પસાર થતાં પૂર્વ રેખાંશવૃત્ત પરથી નક્કી કરવામાં આવે છે ?<br>(A) અલ્હાબાદ (B) વારાણસી (C) દહેરાદૂન (D) કોલકતા |
| 129. | મોતીહારી ગામ ગાંધીજીએ શરૂ કરેલ કઈ લડતના સંબંધમાં સંકળાયેલ છે ?<br>(A) હિંદ છોડો (B) ચંપારણ સત્યાગ્રહ (C) અસહકાર આંદોલન (D) સવિનય કાનૂન ભંગ |
| 130. | હર્ષચરિત અને કાદંબરી જેવી પ્રખ્યાત કૃતિઓની રચના કોણે કરેલ ?<br>(A) બાણભટ્ટ (B) ભવભૂતિ (C) હર્ષવર્ધન (D) શૂદ્રક |
| 131. | પૃથ્વી પોતાની કાલ્પનિક ધરી પર વિષુવવૃત્ત પર કલાકના કેટલા કિમીની ઝડપે ફરે છે ?<br>(A) 1670 (B) 1690 (C) 1760 (D) 1790 |
| 132. | ભારત આવવાનો જળમાર્ગ શોધવામાં સફળતા મેળવનાર વાસ્કો-દ-ગામાને કયા હિન્દી ખલાસીની મદદ મળી હતી ?<br>(A) અલ્બુકર્ક (B) મહમદ-ઈબ્ન-મજીદ (C) રસૂલ મહમદ કાસિમ (D) મહમદઅલી કાસિમ |
| 133. | ડૉ. બાબા સાહેબ આંબેડકરે કોને 'બંધારણનો આત્મા' સમાન ગણાવ્યો છે ?<br>(A) વાણી સ્વાતંત્ર્ય (C) ધર્મ-સ્વાતંત્ર્ય<br>(B) સમાનતાનો અધિકાર (D) બંધારણીય ઈલાજોનો અધિકાર |
| 134. | નીચેના પૈકી કયું ઔદ્યોગિક એકમ ખાનગી ક્ષેત્રનું નથી ?<br>(A) એલેમ્બિક (C) (TISCO) ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની લિમિટેડ<br>(B) ટોરેન્ટ (D) ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ |
| 135. | વિભાગ-1 માં આપેલ વિશ્વસંસ્થા અને વિભાગ-2 માં આપેલ વિશ્વસંસ્થાના મુખ્ય મથકોને યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.<br>વિભાગ-1: (અ) વિશ્વ આરોગ્ય સંસ્થા; (બ) યુનેસ્કો; (ક) યુનિસેફ; (ડ) વિશ્વબેંક<br>વિભાગ-2: (1) ન્યૂયોર્ક; (2) વોશિંગ્ટન ડી.સી.; (3) જિનિવા; (4) પેરિસ<br>(A) અ-3, બ-4, ક-1, ડ-2 (C) અ-2, બ-4, ક-3, ડ-1<br>(B) અ-4, બ-3, ક-2, ડ-1 (D) અ-3, બ-1, ક-4, ડ-2 |
| 136. | વિતરણ દર્શાવતા નકશાઓનું નિર્માણ કરે છે<br>(A) NATMO (નેશનલ એટલાસ થિમેટિક મેપ ઓર્ગેનાઈઝેશન)<br>(B) NRSA (નેશનલ રિમોટ સેન્સિંગ એજન્સી)<br>(C) SOI (સર્વે ઓફ ઈન્ડિયા)<br>(D) NATO (નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન) |

Prepp
Your Personal Exams Guide

| | |
|---|---|
| 137. | નીચે પૈકી કયું સંગઠિત ક્ષેત્રનું લક્ષણ નથી ?<br>(A) તેમાં સરકારી નીતિ-નિયમોનું પાલન હોય છે. (C) વધારાનાં કામ માટે વધારાનું વેતન નહીં<br>(B) નિશ્ચિત કરેલા કલાકો સુધી જ કામ. (D) કર્મચારીઓને રોજગાર સુરક્ષાનો લાભ |
| 138. | મૃત સમુદ્ર માટે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?<br>(A) તે એશિયા ખંડનું સૌથી નીચું સ્થળ છે.<br>(B) તેની ક્ષારતા સમુદ્રનાં પાણી કરતા ચાર ગણી વધારે છે.<br>(C) સીરીયા અને જોર્ડન સરહદે આવેલું છે.<br>(D) તરતા ન આવડતું હોય તો પણ તમે તેમાં ડૂબકી લગાવી શકો. |
| 139. | કયા વૃક્ષનાં રસમાંથી ટર્પેન્ટાઈન બને છે ?<br>(A) સુંદરી (B) દેવદાર (C) લાખ (D) ચીડ |
| 140. | મુઘલ શાસન સમયે કયા ફ્રેન્ચ મુસાફરો ભારતમાં આવેલા ?<br>(A) હ્યુ-એન-સંગ અને ઇત્સિંગ (C) ટેવર્નિયર અને બર્નિયર<br>(B) ફાહિયાન અને ઇત્સિંગ (D) એલિયન અને ડેન્યુઅલ |
| 141. | વલ્લભાચાર્યએ પોતાની તીર્થયાત્રા દરમિયાન જ્યાં - જ્યાં શ્રીમદ્ ભાગવત કથા અને પારાયણ કર્યાં તે સ્થળો ........ તરીકે ઓળખાય છે.<br>(A) મઠ (B) ભક્તિધામ (C) બેઠક (D) વિચારતીર્થ |
| 142. | કદમાં વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવતી એમેઝોન નદી કયા ખંડમાં આવેલી છે ?<br>(A) આફ્રિકા (B) ઓસ્ટ્રેલિયા (C) ઉત્તર અમેરિકા (D) દક્ષિણ અમેરિકા |
| 143. | બે રેખાંશવૃત્તો વચ્ચેનું અંતર ફક્ત .................. ઉપર આશરે 111 કિમીનું હોય છે.<br>(A) કર્કવૃત્ત (B) મકરવૃત્ત (C) બંને ધ્રુવો (D) વિષુવવૃત્ત |
| 144. | પૂર્વમાં અરૂણાચલ પ્રદેશથી પશ્ચિમે ગુજરાતનું અંતર લગભગ કેટલા કિમી છે ?<br>(A) 1735 કિમી (B) 2714 કિમી (C) 3000 કિમી (D) 3214 કિમી |
| 145. | વાયવ્ય ચીનનાં પીળી માટીનાં મેદાનો કયા નામથી ઓળખાય છે ?<br>(A) યેલોસેન્ડ (B) સેન્ડ ડ્યુન્સ (C) બારખન્સ (D) લોએસ |
| 146. | વિશ્વમાં સૌથી વધુ ઉંચાઈ પર આવેલું સરોવર કયું છે ?<br>(A) ટિટિકાકા (B) ગ્રેટબિયર (C) હ્યુરોન (D) ઓન્ટોરીઓ |
| 147. | નીચેના પૈકી સૌથી વધુ લાંબા દરિયા કિનારાવાળો દેશ કયો છે ?<br>(A) ભારત (B) શ્રીલંકા (C) કેનેડા (D) ઇન્ડોનેશિયા |
| 148. | ભારતમાં સૌ પ્રથમ કઇ યુરોપિયન પ્રજા વેપાર અર્થે આવી હતી ?<br>(A) અંગ્રેજ (B) ફ્રેન્ચ (C) ડચ (D) પોર્ટુગીઝ |
| 149. | માંસાહારી ખાદ્ય સામગ્રીનાં પેકીંગ ઉપર કયા રંગની નિશાની હોય છે ?<br>(A) લીલા (B) પીળા (C) લાલ (D) ગુલાબી |
| 150. | ભારતની નદીઓ સંબંધિત નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?<br>(A) ગંગા અને બ્રહ્મપુત્રા જળમાર્ગ તરીકે ઉપયોગી છે.<br>(B) બિહારમાં કોશી નદીમાં દર વર્ષે ભયંકર પૂર આવે છે.<br>(C) નર્મદા અને તાપી પશ્ચિમ તરફ વહી અરબ સાગરને મળે છે.<br>(D) દક્ષિણ ભારતની નદીઓ જળવિદ્યુત માટે ઉપયોગી નથી. |

www.prepp.in

SPACE FOR ROUGH WORK

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

SPACE FOR ROUGH WORK

www.prepp.in

Q. Booklet No. 94102091

Prepp
Your Personal Exams Guide

# SPACE FOR ROUGH WORK

Prepp
Your Personal Exam Guide

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુકયા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.